# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-03-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-કોલસા ઉત્પાદન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એક અબજ ટનથી વધુ કોલસાના ઉત્પાદનની ભારતની સિદ્ધિની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી અને કહ્યું કે તે ઊર્જા સુરક્ષા, આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્યસભા-કેન્દ્રીયગૃહમંત્રી:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે. NDA સરકારમાં જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને કારણે થતા મૃત્યુમાં 70 ટકાનો ઘટાડો થયો છે અને આતંકવાદી ઘટનાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

---------------------------------------------------------------------------------------------

## લોકસભા-કેન્દ્રીય જળ શક્તિ મંત્રી:

સરકારે જળ જીવન મિશન હેઠળ અત્યાર સુધીમાં દેશના 15 કરોડ 52 લાખથી વધુ ગ્રામીણ પરિવારોને નળ દ્વારા પાણી પૂરું પાડ્યું છે. લોકસભામાં જળ શક્તિ મંત્રાલય પર થયેલી ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે જ્યારે 2019 માં જળ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું હતું, ત્યારે ફક્ત ત્રણ કરોડ ગ્રામીણ ઘરોમાં જ

નળના પાણીના જોડાણો હતા. તેમણે કહ્યું કે પાંચ લાખ ગામડાઓની 25 લાખ મહિલાઓને પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે તાલીમ આપવામાં આવી છે.

---

## રાજ્ય-વિધાનસભા-બચુભાઈ ખાબડ:

10 હજારથી વધુ વસ્તી ધરાવતા ગામ સાથે અન્ય ગામોને સાંકળી ક્લસ્ટર બનાવીને માળખાકીય સુવિધા વિકસાવાશે. વિધાનસભામાં પંચાયત રાજ્યમંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે નગરપાલિકાની નજીકના વિસ્તારમાં આવતા રાજયના કુલ 2 હજાર 900 ગામોમાં ઘન કચરાનું ડોર ટૂ ડોર એકત્રીકરણ કરી નિકાલ કરાશે.

અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલ 3 હજાર 189 ગ્રામ પંચાયત ઘર પૈકી, 2 હજાર 939 નવીન ગ્રામ પંચાયતના કામો પૂર્ણ કરાયા છે. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક હજાર 639 ગરીબ કલ્યાણ મેળા દ્વારા વિવિધ યોજનાઓ અન્વયે એક કરોડ 91 લાખ લાભાર્થીને 41 હજાર 368 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે.

અંતે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના પંચાયત પ્રભાગની 5 હજાર 94 કરોડ 62 લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર થઈ હતી.

---

## રાજ્ય-વિધાનસભા-વિજ્ઞાન ટેકનોલોજી:

વિધાનસભાના ગૃહમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની 2 હજાર 534 કરોડ 83 લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી.

મુખ્યમંત્રી વતી રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ માગણીઓ રજૂ કરતાં જણાવ્યું કે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ- STEM આધારિત સમાજ, વિકસિત ભારત@2047ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે જણાવ્યું કે આઈ.ટી. નીતિ 2022-27થી રાજ્યમાં એક લાખ નવી રોજગારીનું સર્જન થશે અને રાજ્યની આઈ.ટી. નિકાસ આઠ ગણી વધારીને 25 હજાર કરોડ રૂપિયા સુધી કરવાનો લક્ષ્યાંક  છે. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2025-26ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે ‘ગુજરાત આદિવાસી

વસ્તી માટે સંદર્ભ જીનોમ ડેટાબેઝનું નિર્માણ'ના પ્રોજેક્ટ માટે 4 કરોડ રૂપિયાની જોગવાઇ કરાઇ છે.

---

## ST-નિગમ-"મન ફાવે ત્યાં ફરો"-યોજના:

આગામી ઉનાળુ વેકેશન માટે ગુજરાત એસટી નિગમ દ્વારા મન ફાવે ત્યાં ફરો નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના લોકો માત્ર રૂપિયા 450 થી લઈ રૂપિયા 1450 સુધીમાં ચાર દિવસથી લઈ સાત દિવસ સુધી સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણે મુસાફરી કરી શકે છે.

---

## કચ્છ-અંજાર પાસે અકસ્માત:

અંજાર તાલુકાના સાપેડા ગામ નજીક ટ્રકે ટક્કર મારતાં બાઈક પર જઈ રહેલા નિંગાળ ગામના બે યુવકના ગંભીર ઈજાથી મૃત્યુ નીપજ્યાં છે. ગઈકાલે સવારે ૧૧ વાગ્યાના અરસામાં આ દુર્ઘટના ઘટી હતી. આ બનાવ અંગે પ્રાથમિક વિગતો આપતાં અંજાર પો.સ.ઈ. બી.એસ. ચૌહાણે જણાવ્યું કે બેઉ યુવાન પેટ્રોલ પંપ પરથી ઘર તરફ જવા ટર્ન લઈને રોંગસાઈડમાં જતાં હતા ત્યારે અંજારથી સાપેડા તરફ જઈ રહેલી ટ્રકે ટક્કર મારી હતી.

---

## કચ્છ-રાપર-વન દિવસની ઉજવણી:

ગઈકાલે કચ્છ વિસ્તરણ વન વિભાગ દ્વારા રાપર તાલુકાના મોમાયમોરા ગામ ખાતે વિશ્વ વન દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવેલ. તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં 02 હેક્ટર વિસ્તારમાં 20,000 રોપાઓનું વાવેતર કરી નિર્માણ કરેલ વનકવચ-નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ ગામના લોકોને વન વિભાગના અધિકારીઓ દ્વારા વૃક્ષો તેમજ જંગલોના મહત્વ વિશે સમજણ આપવામાં આવેલી.

---

## હવામાન:

આજથી રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ આ વધારો યથાવત રહેશે. જોકે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 કલાક બાદ ગરમ ભેજયુક્ત પવનોને કારણે બફારો અનુભવવો પડશે.

દરમ્યાન, જિલ્લા મથક ભુજ 38.1 ડિગ્રી સેલ્સિયસ ઉંચા તાપમાન સાથે સૌથી ગરમ મથક બની રહ્યુ હતું.

---